માનવ તસ્કરી : ધારણા છે કે વાસ્તવિક ?

પ્રત્યાઘાત કરવામાં સાથ આપો

આ તસ્કરો ઘણી વાર આ પીડિત લોકો ના પરદેશ માં સ્થાપિત થવાની પરિયોજના માં મદદ કરવાવવાળા સહયોગી ના રૂપ માં દેખાય છે ના કે અપરાધી ના રૂપ માં.

સચ્ચાઈ આ છે

આનાથી પીડિત થયેલા લોકો આ તસ્કરી કરવાવાળા માં જોય છે કે, તેઓ તેમના ભવિષ્ય ના લક્ષ્ય ને પ્રાપ્ત કરવામાં જોશ આપે છે અને પછી એના જે પરિણામ આવે છે એ આ પીડિત લોકો ને આનું સાચું કારણ શું હતું તે સમજાવે છે. બીજી બાજુ પીડિત વ્યક્તિ શોષણ ની આ પરિસ્થિતિ ને એક માત્ર વિકલ્પ ના રૂપ માં જોય છે અને એટલા માટે કોઈ સવાલ કાર્ય વગર શોષણ કરવાવાળા ના દ્રષ્ટિકોણ નો સ્વીકાર કરે છે. આના પર પણ જોર આપવામાં આવે છે કે પીડિતો ને અહીં ના કાયદાઓ અને તેમના અધિકારો પાર સંદેહ થાય કારણ કે તેઓ એવું મને છે કે આ બધું તેમના પાર લાગુ નથી થતું, અને એવું બતાવવામાં આવે છે કે શોષણ કરવાવાળી વ્યક્તિ જ તે લોકો માંથી છે જે તેમને મદદ કરવા માંગે છે.

2. શું પોર્ટુગલ માં માનવ તસ્કરી ના શિકાર થયેલા લોકો છે?

સચ્ચાઈ આ છે

2008 થી 2018 ની વચ્ચે 1948 એવા લોકો ને સંકિત કરી રજીસ્ટર કરવામાં આવેલા જેમાંથી 693 માનવ તસ્કરી ના શિકાર થયેલા એની પુષ્ટિ કરવામાં આવી તી અને 379 બિન સરકારી સંગઠન ( એન જી ઓ )/અન્ય સંગઠન દ્વારા સંકલિત કરવામાં આવેલા ( આ મામલાઓ નું હજી નિરીક્ષણ ચાલે છે) આ જાણકારી નું સ્તોત્ર MAI/OTSH ( આંતરિક પ્રવેશ મંત્રાલય/માનવ પરીક્ષણ સંગઠન) છે ( આ જાણકારી નું છેલ્લી વખત અપડેટ જુલાઈ 2019 માં થયેલું) પોર્ટુગલ પણ આમાં એક મૂળ દેશ છે, માનવ તસ્કરી કરીને લોકો ને અહીં લાવવાનું સ્થાન છે. આ ઘટના તેની સાથે સમસ્યાત્મક કારણો અને તેના પરિણામો નો એક સમૂહ લઈને આવે છે : આ એક સંઘઠિત અપરાધ છે જેમાં યૌન શોષણ અને શ્રમ શોષણ કરાય છે ( બીજી પણ ઘણી બધી રીતો થી પણ), સૌથી વિકસિત અને સૌથી વંચિત દેશો, લિંગ અને માનવ અધિકારો ના મુદ્દા, પરિવારો નું તૂટવું અને સામુદાયિક અસમર્થન ની વચ્ચે જે વિષમતા છે તે આનું કારણ છે

3. એક પોર્ટુગીઝ નાગરિક માનવ તસ્કરી નો શિકાર બની શકે છે.

સચ્ચાઈ આ છે

2008 થી 2018 દરમ્યાન 173 પોર્ટુગીઝ નોગરિક આ ગુનાહ ના શિકાર થયાની પુષ્ટિ થઇ છે. આ જાણકારી નું સ્તોત્ર MAI/OTSH (આંતરિક પ્રવેશ મંત્રાલય/માનવ પ્રશિક્ષણ સંગઠન) છે. છે વાર આ જાણકારી નું અપડેટ જુલાઈ 2019 માં કરવામાં આવેલું। માનવ તસ્કરી ના શિકાર બનવા માટે એ જરુરી નથી કે આપ વિદેશી નાગરિક હો, બસ તમે શોષણ કરી શકાય તેવી સ્થિતિ માં હો તો પણ ઘણું છે. આંતરરાષ્ટ્રીય, યુરોપીઅન કાયદા અને પોર્ટુગલ ના કાયદા હેઠળ, જે વ્યક્તિ તસ્કરી નો અપરાધ કરે છે તેમાં આ બધું થઇ શકે છે ; કોઈ જરૂરત વાળી વ્યક્તિ ને કોઈ પ્રસ્તાવ કરવો, તેમને ક્યાંક પહોંચાડવા, કોઇને સૂપૂર્ત કરવા, તેમને લાલચ આપવી, તેમનો સ્વીકાર કરવો, તેમનું પરિવહન કરવું, તેમને રહેઠાણ આપવું અને તેમને પોતાની સાથે રાખવા : આ માધ્યમો નો ઉપયોગ કરીને ; હિંસા, અપહરણ, ધમકી નું જોખમ, છેતરપિંડી, કપટ અથવા દાવપેચ, અધિકારો નો દુરુપયોગ, વિકલાંગતા અથવા ખાસ કોઈની નબળાઈ નો ફાયદો લેવો, જેનું ઉદેશ્ય હોય છે કે, તેમનું શોષણ કરવું, અર્થાત યૌન શોષણ, શ્રમ શોષણ,

ભીખ મંગાવવી, ગુલામી કરાવવી, શરીર ના અંગ કાપવા અથવા અન્ય અપરાધિક પ્રવૃત્તિ થી પીડિતો નું શોષણ કરવું. એક માનવ તસ્કરી ના ગુના માટે, એક વ્યક્તિ ને આંતરરાષ્ટ્રીય સીમા પાર કરાવવું એજ જરૂરી નથી, એક જ અથવા એજ દેશ મેં તેમનું પરિવહન કરાવવું પણ પ્રાપ્ત છે, અપરાધિક દંડ સંહિતા ના કાયદા ક્રમાંક 160 હેઠળ.

4. તસ્કર રોજગાર અપાવાવવાળી અને પર્યટન એજેંસી ના માધ્યમ થી કામ કરી શકે છે, એવું વચન આપી ને કે તેમને વિદેશ માં રોજગાર અપાવશે અને સફર માટેના જરૂરી દસ્તવાઇઝ પણ બનાવી દેશે

સચ્ચાઈ આ છે

માનવ તસ્કરી નો ગુનો ખુબ જ સુવ્યવસ્થિત રીતે કરાય છે, મોટા ભાગે આ એક વ્યવસ્થિત નેટવર્ક હોય છે જેનો મોટાભાગનો અર્થ એ છે કે તે નેટવર્કમાં જે સેવાઓ બજારમાં મુક્ત રીતે સરળતા થી ઉપલબ્ધ છે, રોજગાર અપાવવાવાળી અને પર્યટન એજેંસી દવારા કામ કરવા થી કોઈ પ્રકાર નો વહેમ નથી થતો.

5. માનવ તસ્કરી ના મામલા માં, બધી પીડિત વ્યક્તિઓ ને જ્યાં તેમનું શોષણ થતું હોય છે તે જગ્યા થી બહાર જવું અથવા તે સ્થાન છોડવા માટે રોકવા માં આવે છે.

ધારણા

ઘણી વખત પીડિતો નું જ્યાં શોષણ થઇ રહ્યું હોય છે તે સ્થાન થી બહાર જવાની સંભાવના હોય છે, જો કે તેમને માનસિક અથવા શારીરિક રીતે હેરાન કરવાની ધમકીઓ આપવામાં આવે છે જે તેમને ત્યાંથી ભાગવાની અથવા કોઈની મદદ મંગાવાની અનુમતિ નથી આપતું. મોટે ભાગે, ભોગ બનેલા લોકો પણ આને લીધે બહાર આવતા નથી

6. તસ્કરી ના શિકાર થયેલા બધા વિદેશી લોકો પાસે કાનૂની દસ્તાવેઝ નથી હોતા

ધારણા

તસ્કરી ના શિકાર થયેલા બધા લોકો કાનૂની દસ્તાવેઝ વગર ના નથી હોતા, તેમ છતાં તેઓ શોષણ ના શિકાર બને છે અને તેમની ઉપર ઘણી બધી રીતે નિયંત્રણ કરી શકાય છે. જે સમય ને હિસાબે બદલે છે. એમાંથી આ પરિસ્થિઓ છે જે ધ્યાન ખેંચે છે :

* દસ્તાવેઝ જપ્ત કરી લેવા, પીડિતો ને દસ્તાવેઝ એન્ડ પૈસા થી વંચિત કરી શકાય છે એવું કહી ને કે આ બધી વસ્તુઓ અમારી પાસે સુરક્ષિત રહેશે અને વિઝા લેવા ના કામ માં તેની જરૂર પડશે, એવી રીતે પીડિત લોકો ની સ્વતંત્રતા પર નિયંત્રણ કરી શકાય છે;

*તેમની પર અત્યાચાર થાય છે અને તેમની ઉપર કોઇ આંદોલન માં ભાગ લેવા પાર પ્રતિબંધ લગાડવામાં આવે છે. પીડિતો પર નિયંત્રણ કરવા માટે વિવિધ માર્ગો નો ઉપયોગ કરાય છે, જેમાં તેમનું ઉત્પીડન અને ડ્રગ પ્રશાશન માં પણ તેમને સંડોવી શકાય છે;

* પીડિતો ને અને સાથે તેમના પરિવારજનો ધમકીઓ અપાય છે. ઘણી વખત તસ્કરો એવી ધમકીઓ આપે છે, ઉદાહરણ તરીકે; પીડિતો ના પરિવારજનો અને તેમના સમુદાય જ્યાંથી તેઓ આવે છે તેમને તે લોકો કહી દેશે કે પીડિત વ્યક્તિ અહીં કેવું અપમાનજનક કામ કરે છે અથવા સરકારી અધિકારીઓ ને કહી દેશે કે પીડિત વ્યક્તિ પાસે કાનૂની દસ્તાવેઝ નથી આવી ધમકીઓ આપે છે.

7. માનવ તસ્કરી નો શિકાર થયેલા લોકો આર્થિક રીતે ગરીબ હોય એવું જરૂરી છે.

ધારણા

માનવ તસ્કરી થી પીડિત લોકો નું વિશિષ્ટ પ્રકાર થી વર્ણન કરવું સંભવ નથી, પીડિત કોઈ પણ હોઈ શકે છે, બાળકો અથવા પુખ્ત વયના, સ્ત્રી અથવા પુરુષ, શિક્ષિત અથવા અભણ, શારીરિક રૂપ થી શશક્ત અથવા અપંગ, પીડિત વિવિધ સ્થાનો અથવા દેશો થી અને વિવિધ સમુદાય ના હોઈ શકે છે. બધા લોકો નું કોઈ એક જ પ્રકાર નું શોષણ નથી થતું , અને કોઈ પણ વ્યક્તિ કોઈ પણ પ્રકાર ના શોષણ નું લક્ષ્ય હોઈ શકે છે. જોકે વધારે પડતા પીડિત લોકો, એક સારું જીવન જીવવાની આશા રાખે છે, પોતાના પરિવાર ના લોકો માટે પૈસા કમાવા માંગે છે, પણ તેમની તે આશા ધરાશાયી થઇ જાય છે જયારે તેમને ઠગી લેવામાં આવે છે. આની માટે જવાબદાર પોલીસ અધિકારીઓ આમાં તત્કાલ હસ્તક્ષેપ કરી શકે તે માટે એક કીટ છે.

૪. તેમની ભરતી/શિકાર બનાવેવ  માટે હંમેશા શારીરિક બળજબરી  નો ઉપયોગ કરીને અથવા અપહરણ કરાય છે.

ધારણા

તસ્કરી નો શિકાર બનવા વાળા લોકો ની ભરતી અથવા તેમને ગોતી ને ભેગા કરવા માટે ની રીતો બદલતી રહે છે. અને આ વધારે તેમની ઉમર અને તેમની લિંગ (સ્ત્રી/પુરુષ) પર નિર્ભર છે અને સાથે તેમનાથી કેવા પ્રકાર નું શોષણ નું કામ કરાવવાનું છે. આવી રીતે એ સંભવ છે કે ખોટી રોજગાર અપાવવાની જાહેરાત ના માધ્યમ નો ઉપયોગ કરી તેમને આમાં લાવવામાં આવે છે. તેમની સાથે સારો વહેવાર કરવામાં આવશે એવું વચન આપીને, તેમને ભણવાનો અને ટ્રેઈનીંગ નો મોકો આપવામાં આવશે એવું કહીને, પરદેશ માં તેમને સરળતા થી સ્થાપિત કરવામાં મદદ કરવાનું વચન આપીને અથવા પીડિત નું અપહરણ કરીને. જે વચનો તેમને અપાય હોય છે તે બધી છેતરપિંડી હોય છે, અથવા કહી શકાય કે, જે સારા ભવિષ્ય અપાવેવના વચનો તેમને અપાય હતા તે ક્યારે પણ પુરા નહિ થાય વ્યક્તિને લાલચ આપી આકર્ષિત કરવા, અને પછી, તેમને શોષણ કારક સ્થિતિ ને આધીન કરી દેવામાં આવે છે.